પ્રકરણ : ૫
ઉપસંહાર

ગાંધીયુગના ગુજરાતી નવલકથા સાહિત્યના બે મોટા ગજાના નવલકથાકારો કનૈયાલાલ મુનશી અને પન્નાલાલ પટેલની પૌરાણિક નવલકથાઓ વિશે ખાસ અભ્યાસ થયો નથી. એક જ પૌરાણિક કથાવસ્તુને કેન્દ્રસ્થાને રાખી બંનેએ એમની આગવી પ્રતિભાથી કેવા સત્ત્વ અને સ્વત્વની પ્રતીતિ કરાવી છે તેની સદષ્ટાંત ચર્ચા કરવાનો આ શોધનિબંધમાં ઉપક્રમ રહ્યો છે.

ગાંધીયુગના આરંભ પૂર્વેથી 'ઘનશ્યામ વ્યાસ' ના ઉપનામથી 'મારી કમળા' નામની ટૂંકીવાર્તા લખીને સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરનાર મુનશીએ પછી-પાછું વળી જોયું નથી. એમણે સામજિક, ઐતિહાસિક અને પૌરાણિક નવલકથઅઓ, કેટલાંક નાટકો, આત્મકથા અને વિવેચન જેવા સાહિત્ય પ્રકારોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે અને એમની ઘડાયેલી કલમની પ્રતીતિ કરાવી છે. એમણે પરંપરિત શૈલીમાં કેટલીક સામાજિક નવલકથાઓ આપવાનું આરંભ્યું પરંતુ ઐતિહાસિક નવલકથાઓ દ્વારા તો એ સાહિત્યજગતમાં છવાઇ ગયા. નવા જ રૂપ, રંગને આકારવાળી એમની કૃતિઓ 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ' અને 'પૃથિવીવલ્લભ' અજેય રહી છે. નવલકથાના માધ્યમથી એમણે ગુજરાતની અસ્મિતાને પ્રગટ કરી છે હજુ આજે પણ એમની કૃતિઓનો ચાહકવર્ગ ઘણો મોટો છે.

ભૃગુકુળના મુનશી, ભાર્ગવોનો વારસો અને તેજ લઇને જન્મ્યા હતા. બાળપણથી જ કથા સાંભળવાનો અને રોમાંચક કથઓ વાચવાનો શોખ હોવાને કારને નાટકોનો પણ એમને ચસકો લાગ્યો હતો કૃષ્ણ અને પરશુરામનો જબરજસ્ત પ્રભાવ એમના મનમાં ઝિલાયેલો હતો અને તેથી જ એમના ઉત્તરકાળમાં 'લોપામુદ્રા', 'વિશ્વરથ', 'લોમહર્ષિણી', 'ભગવાન પરશુરામ' અને 'કૃષ્ણાવતાર' ભાગ ૧ થી ૮ જેવી ઉત્તમ પૌરાણિક નવલકથઅઓ આપી શક્યા. સમર્થ વ્યક્તિત્વ જ સમર્થનું સર્જન કરી શકે એ તો નિર્વિવાદ વાત છે. આર્ય-અનાર્ય વચ્ચેના ભેદને વિષય બનાવી એમણે 'વિશ્વરથ' જેવી સમર્થ કૃતિ આપી. 'લોપામુદ્રા' તો નાટક છે પણ પ્રથમ ખંડમાં નાટ્યક્ષમતાનો પૂરો અવકાશ ન હોવાથી મુનશીએ આ ખંડને નવલકથાનું સ્વરૂપ આપ્યું છે. પુરાણકાલીન કેટલાંક પાત્રોનો ઇતિહાસ આપણી પાસે નથી. વિશ્વરથ જેવા પ્રતાપી પાત્રને ગૌરવ પ્રદાન કરે તેવા ઘણા પ્રસંગો સ્વકલ્પનાને બળે મુનશીએ ઉમેર્યા છે. ચબરાકિયા, તેજબી સંવાદો તો મુનશીની લેખિનીની મહત્ત્વની સિદ્ધિ છે. 'ભગવાન પરશુરામ' એમની મહત્ત્વકાંક્ષી નવલકથા છે. પરશુરામના વ્યક્તિત્વચિત્રણમાં આપણને વારંવાર મુનશીની પ્રતિભાનાં દર્શન થાય છે. 'કૃષ્ણાવતાર' માં કૃષ્ણના જન્મથી માંડીને એમના પૂર્ણાવતારને

ઉપસાવવામાં એમણે ભાર પરિશ્રમ ખેડ્યો છે. મૂળકથાનકના વસ્તુને ગ્રહણ કરીને મૌલિક રીતે ઓજસવંતી શૈલીથી ઉઘાડી આપ્યું છે. 'ભગવાન પરશુરામ'માં રજૂ થયો છે એવો સિંધુથી સિંહલને એકત્ર કરીને અખંડ આર્યાવર્ત બનાવવાનો ઉચ્ચ વિચાર 'કૃષ્ણાવતાર'માં પણ દૃષ્ટિ ગોચર થાય છે. મુનશી, જર્મન ફિલસૂફ નિત્શેના અભ્યાસી હોવાને કારણે Superman એટલે કે પુરુષશ્રેષ્ઠતને આકારિત કરવામામ સકળ શક્તિ કામે લગાડે છે અને તેથી જ એમની કૃતિઓમાં નરપુંગવો અનોખી રીતે અવતર્યા છે.

પન્નાલાલ પટેલ, પ્રસિદ્ધ થયા છે એમની સામાજિક નવલકથાઓ 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઇ'એ તો પન્નાલાલને સિદ્ધિનાં શિખરોએ મૂક્યા છે પણ પૌરાણિક નવલકથા ક્ષેત્રે એમનું યોગદાન નાનુંસૂનું નથી. એમણેય ઉત્તરાવસ્થામાં, પૌરાણિક પ્રસંગોમાં કથાવસ્તુ શોધ્યું અને 'પાર્થને કહો ચઢાવે બાણ', 'રામે સીતાને માર્યા જો', 'કૃષ્ણજીવનલીલા', 'શિવ પાર્વતી', 'ભીષ્મની બાણ શય્યા', 'કચ-દેવયાની', 'દેવયાની-યયાતિ' જેવી સબળ સર્જનકૃતિઓ આપી. 'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો!' આ લોકગીતની પંક્તિને કૃતિનું કેન્દ્ર બનાવી સીતાના મૃત્યુ પાછળ રામનો જ હાથ રહ્યો છે એમ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો . પાત્રો અને પરિવેશ પૌરાણિક છે અને એનાં અર્થઘટન અને માવજત એમનાં મૌલિક છે. ભરપૂર આડકથાઓને આપીને પન્નાલાલે સર્જનકલાને ઘણીવાર હોડમાં મૂકી છે.

કેટલાક ભાવનાવાદી વિદ્વાનોને હાથે કચ, દેવયાની, યયાતિ અને શર્મિષ્ઠાની કથા નિરૂપાઇ છે, એમણે દેવયાનીના પ્રણયનું સાચું જંળયાંકન કર્યું નથી એમ પન્નાલાલ માને છે. એમનું અર્થઘટન એવું છે કે દેવયાનનિો પ્રેમ અણિશુદ્ધ અને માનવીય હતો. મહાભારતના ગણ્યાગાંઠ્યા શ્લોકોમાં નિરૂપાયેલી આ ઘટના પન્નાલાલની કલમે નિરૂપાતાં, દેવયાનીના પ્રેમના થયેલા ખોટા અર્થઘટનનો જાણે જવાબ આપતી હોય એમ લખાઇ છે. પ્રેમને સાધન બનાવી કચે સંજીવની વિદ્યા પ્રાપ્ત કરી અને સ્વાર્થ સધાઇ જતાં પ્રેમ પોકળ નીવડ્યો તો એ જ પ્રેમને કારણે કચને ત્રણ ત્રણ વાર જીવિત કરાવતી દેવયાનીના મુખે બે વાક્યો નીકળી પડ્યાં એ તદ્દન સ્વાભાવિક ઘટના છે. દેવયાનીનું વર્તન તો ઘણું ઉદાત્ત છે એમ પન્નાલાલને લાગે છે તેથી આ પાત્રને ન્યાય મળે એ આશયથી તદ્દન નવા જ અર્થઘટન સાથે આ કૃતિ વાચકો પાસે આવે છે. નારીનાં મનનાં ઊંડાણો તાગવાની પન્નાલાલની દૃષ્ટિને અહીં દાદ દેવી પડે.

એક બીજું મોટું જોખમ 'ભીષ્મની બાણ શય્યા' માં ભીષ્મને જિતવતી સાથે પરણાવીને લેખકે ખેડ્યું છે. આ સઘળી કૃતિઓના વિગતે અભ્યાસ અને મૂલ્યાંકન આ શોધનિબંધમાં રજૂ કર્યા છે.

મુનશી અને પન્નાલાલ, બંને ભલે પુરાણકથાને વર્ણવતા હોય. બંને ભલે કૃષ્ણની જીવનલીલાની કથાને વર્ણ્યવિષય બનાવતા હોય પરંતુ પ્રસંગોને આત્મસાત્ કરવાની બંનેની ક્ષમતા અને સજ્જતામાં આસમાને જમીનનો તફાવત છે. અહીં, આ બંને સર્જકોની

પાસે સર્જનકૃતિને લાગ્યા વગર રહેતો નથી અને એ જ તો છે એનું નોખાપણું આ કૃતિઓની વત કંઇ નવી નથી અને એ જ તો છે એનું નોધાપણું. આ કૃતિઓની વાત કંઇ નવી નથી એટલે નવલકથા શબ્દ માંથી 'નવલ' શબ્દનો તો શું અર્થ કરીએ? કથનકેન્દ્ર સર્વવિદિત છે તેથી સર્જક માટે જોખમ બેવડાઇ જાય છે. એમનું નવું અર્થઘટન સ્વીકૃતિ પામશે કે નહિ એ પણ મોટો પ્રશ્ન રહે છે પરંતુ અહીં કહેવું જોઇએ કે મુનશી એ મુનશી છે અને પન્નાલાલ એ પન્નાલાલ છે બંનેનું ભાષાકર્મ અને ગદ્યપોત એમનાં વ્યક્તિત્વના ઓજસની સુપેરે પ્રતીતિ કરાવે છે. કથાસાહિત્યાના (fiction) સ્વરૂપ પર બંનેએ સમૃધ્ધ, અને સફળ ખેડાણ કરી આગવી ઓળખાણ પ્રસ્થાપિત કરી આપી છે. આ ક્ષેત્રે ગુજરાતી સાહિત્ય વધુ સમૃધ્ધ બન્યું છે એમાં શંકાને સ્થાન નથી.

આ શોધનિબંધને પાંચ પ્રકરણોમાં વિભાજિત કરવાનું ઉચિત માન્યું હોવાથી પ્રથમ પ્રકરણમાં તત્કાલીન યુગપરિબળો વર્ણવ્યાં છે અને આ બંને સર્જકોએ એ યુગચેતનાને એમના પૌરાણિક નવલકથાની રચના પરત્વે કેવીક ઝીલી છે. તે દર્શાવી ભૂમિકા રજુ કરી છે.

બીજા પ્રકરણને બે પેટા વિભાગમાં વહેંચ્યું છે. એમાં પ્રથમ વિભાગમાં મુનશીના જન્મ, ઉછેર, ઘડતર અને સાહિત્યિક પ્રતિભાની ચર્ચા કરી પૌરાણિક નવલકથાઓ સિવાયના એમના અન્ય સાહિત્યિક પ્રદાનને સંક્ષેપમાં મૂલવ્યું છે તો બીજા વિભાગમાં મુનશીની સઘળી પૌરાણિક સર્જનકૃતિઓની વિગતે આલોચના કરી મૌલિક તોરણો આપ્યાં છે.

ત્રીજા પ્રકરણમાં આ જ પ્રમાણે બે પેટા વિભાગમાં જન્મ, ઉછેર, ઘાકતર અને સાહિત્યિક પ્રતિભાની ચર્ચા કરી પૌરાણિક નવલકથાઓ સિવાયના અન્ય સાહિત્યકૃતિઓનો આછેરો ખ્યાલ આપ્યો છે બીજા વિભાગમાં એમની મહત્ત્વની પૌરાણિક કૃતિઓનું વિગતે મૂલ્યાંકન કરી મૌલિક અભ્યાસ રજૂ કર્યો છે.

આ બંને સર્જકોની પૌરાણિક કૃતિઓના સર્જન પરત્વેની વિશેષતાઓ, લાક્ષણિકતાઓ અને મર્યાદાઓ તપાસવા એમના જન્મ, ઉછેર અને ઘડતર પરિબળોનો અભ્યાસ અનિવાર્ય છે

મુનશીની પૌરાણિક નવલકથાઓ સંખ્યાની દષ્ટિએ અલ્પ હોવા છતાં સત્ત્વશીલ છે જ્યારે પન્નાલાલે મહદ્ અંશે એમની કૃતિઓમાં મૂળકથઅને વફાદાર રહેવાનો પ્રયત્ન કર્યો છે. ચોથ પ્રકરણમાં આ બંને સર્જકોનું નોખાપણું શું છે તે જોવાનો ઉપક્રમ રાખ્યો છે. મુનશી અને પન્નાલાલની શૈલીનો અને ભાષાકર્મનો વિશેષ અને નવોન્મેષ ક્યાં અને કેવી રીતે પ્રગટ થયહો છે તે એમનાકૃતિઓના તલસ્પર્શી અને સર્વગ્રાહી અભ્યાસ દ્વારા અહીં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે સાથે સાથે બંનેના અભિગમમાં શું તફાવત પડે છે તે તુલનાત્મક દષ્ટિએ તપાસવાનું લક્ષ્ય સેવ્યું છે. આ પ્રકારનો બે સમર્થ સર્જકો અંગેનો અભ્યાસ પ્રથમ વખત થઇ રહ્યો છે. આ મારું મૌલિક પ્રદાન છે.

પાચમું પ્રકરણ ઉપસંહાર માટે લખ્યું છે જેમાં ખૂબજ સંક્ષેપમામ સમગ્ર શોધ નિબંધનું સમાપન કર્યું છે.

બાતને લાગેવળગે છે ત્યાં એક તારન ચોક્કસ કાઢી શકીએ કે સર્જકના નિજી વ્યક્તિત્વનો પાસ સર્જનકૃતિને લાગ્યા વગર રહેતો નથી અને એ જ તો છે એનું નોખાપણું. આ કૃતિઓની વત કંઇ નવી નથી અને એ જ તો છે એનું નોધાપણું આ કૃતિઓની વાત કંઇ નવી નથી એટલે નવલકથા શબ્દ માંથી 'નવલ' શબ્દનો તો શું અર્થ કરીએ? કથનકેન્દ્ર સર્વવિદિત છે તેથી સર્જક માટે જોખમ બેવડાઇ જાય છે એમનું નવું અર્થઘટન સ્વીકૃતિ પામશે કે નહિ એ પણ મોટો પ્રશ્ન રહે છે પરંતુ અહી કહેવું જોઇએ કે મુનશી એ મુનશી છે અને પન્નાલાલ એ પન્નાલાલ છે. બંનેનું ભાષાકર્મ અને ગદ્યપોત એમનાં વ્યક્તિત્વના ઓજસની સુપેરે પ્રતીતિ કરાવે છે કથાસાહિત્યાના (fiction) સ્વરૂપ પર બંનેએ સમૃદ્ધ અને સફળ ખેડાણ કરી આગવી ઓળખાણ પ્રસ્થાપિત કરી આપી છે. આ ક્ષેત્રે ગુજરાતી સાહિત્ય વધુ સમૃદ્ધ બન્યું છે એમાં શંકાને સ્થાન નથી.

મુનશીની પૌરાણિક નવલકથાઓ સંખ્યાની દષ્ટિએ અલ્પ હોવા છતાં સત્ત્વશીલ છે છે જ્યારે પન્નાલાલે વફાદાર રહેવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં પન્નાલાલીય શૈલીનો અને ભાષાકર્મનો વિશેષ અને નવોન્મેષ પ્રગટ થયો છે એ કૃતિઓનો તલસ્પર્શી અભ્યાસ કરી, મુનશી અને પન્નાલાલ એમના અભિગમમા ક્યાં જુદા પડે છે તે તપાસવાનું લક્ષ્ય સેવ્યું છે પુરુક્તિ ન કરતાં આ મહાનિબંધના સમાપનમાં એટલું જ કહું કે ગાંધીયુગના આ બે ખમતીધર સર્જકોના સાહિત્ય સંદર્ભે ઘણું લખાયું હોવા છતાં એમની પૌરાણિક નવલકથાઓ વિશેનો તલસ્પર્શી સર્વગ્રાહી અભ્યાસ અહીં પ્રથમવાર રજૂ કર્યો છે.

સંદર્ભસૂચિ

ક્રમ	કૃતિ	લેખક/સપાદક	પ્રકા વર્ષ
૧	'લોપામુદ્રા	કનૈયાલાલ મુનશી	૧૯૩૩
૨	'ભગવાન પરશુરામ	"	૧૯૪૬
૩	'લોમ હર્ષિણી	"	૧૯૪૭
૪	'કૃષ્ણાવતાર	"	૧૯૬૪
૫.	'મારી કમલા	"	૧૯૧૨
૬	'વેરની વસુલાત	"	૧૯૧૩
૭.	'પાટણની પ્રભુતા	"	૧૯૧૬
૮	'ગુજરાતનો નાથ	"	૧૯૧૭
૯	'પૃથ્વી વલ્લભ	"	૧૯૨૦
૧૦	'રાજાધિરાજ	"	૧૯૨૨
૧૧	'અવિભક્ત આત્મા	"	૧૯૨૩
૧૨	'કાકાની શશી	"	૧૯૨૮
૧૩	'પુત્ર સમોવડી	"	૧૯૨૯
૧૪	'ધ્રુવ સ્વામિની દેવી	"	૧૯૨૯
૧૫	'નર્મદ જીવન ચરિત્ર	"	૧૯૩૯
૧૬	જય સોમનાથ	"	૧૯૪૦
૧૭	આદિવચન	"	૧૯૪૧
૧૮	અડધે રસ્તે	"	૧૯૪૧
૧૯	સીધા ચઢાણ	"	૧૯૪૩
૨૦	સ્વપ્ન સિદ્ધિની શોધમાં	"	૧૯૫૩
૨૧	વાહરે મે વાહ	"	૧૯૫૩
૨૨	તપસ્વીની	"	૧૯૫૭
૨૩	અલપ ઝલપ	પન્નાલાલ પટેલ	૧૯૭૩
૨૪.	અલ્લડ છોકરી	"	૧૯૭૧
૨૫	કચ-દેવયાની	"	૧૯૮૧
૨૬	કરોળીયાનું જાળુ	"	૧૯૬૭
૨૭	કૃષ્ણજીવનલીલા	"	૧૯૭૭
૨૮	ગલાલસિંગ	"	૧૯૭૨

૨૯	દેવયાની-યયાતિ	"	૧૯૮૨
30	પાર્થને કહો ચઢાવે બાણ	"	૧૯૭૪
૩૧.	ફકીરો	"	૧૯૫૫
૩૨	ભીષ્મની બાણ શય્યા	"	૧૯૮૦
33	મળેલા જીવ	"	૧૯૪૧
૩૪.	માનવીની ભવાઇ	"	૧૯૭૩
૩૫.	રામે સીતાને માર્યા જે !	"	૧૯૭૬
૩૬.	વળામણા	"	૧૯૪૦
૩૭	શિવ પાર્વતી	"	૧૯૭૯
૩૮.	સુરભિ	"	૧૯૬૧
૩૯	પન્નાલાલનો વાર્તા વૈભવ	"	૧૯૬૪
૪૦	વિણેલી નવલીકાઓ	"	૧૯૭૩
૪૧	વાત્રકને કાંઠે	"	૧૯૫૨
૪૨	એળે નહીતો બેળે	"	૧૯૬૩
૪૩.	જમાઇરાજ	"	૧૯૫૨
૪૪.	ઢોલીયા સાગ સીસમના	"	૧૯૩૩
૪૫	ઋષિકુળની કથા	"	૧૯૭૩
૪૬	બાળકિલ્લોલ ગ્રંથમાલા	"	૧૯૭૨
૪૭	'સત્યયુગની કથાઓ.	"	૧૯૮૨
૪૮	"મુનશી - અભ્યાસ . જીવન અને સાહિત્ય' સ રતિલાલ નાયક અને સોમાભાઇ પટેલ		૧૯૬૬
૪૯	'અર્વાચિન ગુજરાતી સાહિત્ય' -ડૉ રમેશ એમ. ત્રિવેદી		૧૯૯૩-૯૪
૫૦	મુનશીની ઐતિહાસિક નવલકથાઓ' - જયત વ્યાસ		૧૯૭૪
૫૧	'મુનશીનામ ઐતિહાસિક અને પૌરાણિક નાટકો' - બાબુ દાવલપુરા		૧૯૮૧
૫૨	'કથાવલોકન' - દીપક મહેતા		૧૯૭૮
૫૩	'આદિવચનો અને બીજા વ્યાખ્યાનો' - કનૈયાલાલ મુનશી		૧૯૪૩
૫૪	'શૈલી અને સ્વરૂપ' - ઉમાશકર જોષી		૧૯૬૦
૫૫	'ગુજરાતી પ્રાદેશિક નવલકથા' - ભૂપેન્દ્ર મિરચી		૧૯૮૯
૫૬	'જનપદી નવલકથાકાર પન્નાલાલ પટેલ' - લલ્લુભાઇ પટેલ		૧૯૯૧
૫૭	'નવલકથા સ્વરૂપ' - પ્રવીણ દરજી		૧૯૮૬

૫૮ 'નવલકથા શિલ્પ અને સર્જન' - નરેશ વેદ ૧૯૮૩

૫૯ 'પન્નાલાલ પટેલ' - પ્રમોદકુમાર પટેલ ૧૯૮૪

૬૦. 'મુનશી' - વિનોદ અધ્વર્યુ ૧૯૮૪

૬૧. 'માહીમચી ખાડી' અનુ દીપક મહેતા ૧૯૮૦

૬૨ 'ગુજરાતી નવલકથા' - રઘુવીર ચૌધરી અને રાધેશ્યામ શર્મા ૧૯૭૨

૬૩ 'ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ' - જયંત કોઠારી ૧૯૭૩

૬૪ 'પ્રાશ્ચાત્ય નવલકથા' - હર્ષદ દેસાઇ અને દિગીશ મહેતા ૧૯૭૫

૬૫. 'સંન્નિધાન' - તંત્રી. સુમન શાહ અંક - ૫ ૧૯૯૪

૬૬. 'ગુજરાતી નવલકથામાં પાત્રનિરૂપણ' - ભાગ ૧ અને ૨ - રમેશ દવે ૧૯૮૫

૬૭. 'ગુજરાતી સાહિત્યની વિકાસરેખા! (૧ થી ૪) ડૉ.ધીરુભાઇ ઠાકર ૧૯૯૪

૬૮ 'ચન્દ્રકાન્ત બક્ષીથી ફેરો ! - સુમન શાહ ૧૯૭૩

૬૯ 'નવલકથા ! સ્વરૂપ અને વિકાસ' - યુનિ ગ્રંથ નિર્માણ બોર્ડ ૧૯૯૬

૭૦ 'કથામથન' - ભરત મહેતા ૧૯૯૩

૭૧ 'વિવેચનના વિવિધ અભિગમો' - સ વિનાયક રાવલ, મનહર મોદી ૧૯૮૯

૭૨. 'ભાવિત !' - કૃષ્ણકાન્ત કડકિયા ૧૯૯૬

૭૩ 'આધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ' - ચંદ્રકાન્ત ટોપીવાલા ૧૯૮૬

૭૪. 'કનૈયાલાલ મુનશી : સાહિત્ય જીવન અને પ્રતિભા' - મધુસુદન પારેખ ૧૯૬૭

૭૫ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (૧ થી ૪) સાહિત્યપરીષદ

૭૬ 'અનુવર્ચના' -

૭૭. 'રાધા' - ઇલા આરબ

૭૮ 'યોગેશ્વર કૃષ્ણ' - કરસનદાસ માણેક

૭૯ 'નંદ શંકર થી ઉમાશંકર' - ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય - ધીરેન્દ્ર મહેતા

૮૦ 'કથાવિચાર' - પ્રમોદકુમાર પટેલ

૮૧ 'કથાસર્ગ' - મણિલાલ પટેલ

૮૨. 'ગુજરાતી કથા વિશ્વ નવલકથા" - બાબુ દાવલપુરા

૮૩. 'કથા સાહિત્યનું વિવેચન' - ડૉ ભારતી દલાલ

૮૪. 'કથાર્થ' - ચુનિલાલ મડિયા

૮૫. 'ગંધાક્ષત' - અનતરાય રાવળ

૮૬. 'પૂર્વાલાપ' - ભોળાભાઇ પટેલ

૮૭ 'ગુજરાતીના ભાષા સાહિત્યપર આધુનિકરણનો પ્રભાવ' સં વિજય શાસ્ત્રી

૮૮. 'શ્રી મહાભારત' - વેદવ્યાસ રચિતનું ભાષાંતર સસ્તું સાહિત્ય વર્ધક પ્રકાશન

૮૯ 'વન પર્વ' - અનુ. મણિશંકર ભટ્ટ

૯૦ 'આદિ પર્વ'

૯૧ 'કર્ણ પર્વ'

૯૨ 'શલ્ય પર્વ'

૯૩ 'અશ્વમેધિક પર્વ'

૯૪ 'વિરાટ પર્વ'

૯૫ 'ઉદ્યોગ પર્વ'

૯૬ 'દ્રોણ પર્વ'

૯૭ 'રામાયણ' તુલસી કૃત. ગુજરાતી ભાષાંતર, સસ્તુ સાહિત્ય વર્ધક

૯૭. ગ્રંથ ૧૭-૨-૮૨ 'શિવપુરાણ નવલકથારૂપે'

૯૮ ગ્રંથ ૧૪-૭-૭૭ 'રામે સીતાને માર્યા જા'

૯૯ ગ્રથ ૨૦-૫-૮૩ 'કચ-દેવયાની'

૧૦૦ સસ્કૃતિ ૩૧-૫-૭૭ 'પન્નાલાલ અને પેંડસે, નવલકથાકારની ભારત માટેની ખોજ'

૧૦૧ સંસ્કૃતિ ૧૫-૫-૬૧ 'પન્નાલાલનું પ્રણય નિરૂપણ'

૧૦૨ ગંથ ૨૦-૫-૮૩ 'દેવયાની યયાતિ'